11.11.2024 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

" મીઠાં બાળકો - સ્વયં પર પૂરી નજર રાખો , કોઈ પણ બેકાયદેસર ચલન નહીં ચાલતાં , શ્રીમત નું ઉલ્લંઘન કરવાથી નીચે પડી જશો"

પ્રશ્ન :- પદ્માપદમપતિ બનવા માટે કઈ ખબરદારી જોઈએ?

ઉત્તર :- સદૈવ ધ્યાન રાખો - જેવા કર્મ આપણે કરીશું આપણને જોઈ બીજા પણ કરવા લાગશે. કોઈપણ વાતમાં મિથ્યા અહંકાર ન આવે. મોરલીમાં ક્યારેય પણ ગેરહાજરી ન થાય. મન્સા-વાચા-કર્મણા સ્વયંની સંભાળ રાખો. આ આંખો દગો ન આપે તો પદ્મોની કમાણી જમા કરી શકશો. એના માટે અન્તર્મુખી થઈને બાપને યાદ કરો અને વિકર્મો થી બચીને રહો.

ઓમ શાંતિ ! રુહાની બાળકોને બાપે સમજાવ્યું છે, અહીં આપ બાળકોને આ વિચાર થી જરુર બેસવાનું હોય છે, આ બાબા પણ છે, શિક્ષક અને સદ્દગુરુ પણ છે. અને આ પણ મહેસૂસ કરો છો - બાબા ને યાદ કરતાં-કરતાં પવિત્ર બની પવિત્ર ધામ માં જઈને પહોંચશું. બાપે સમજાવ્યું છે કે પવિત્ર ધામ થી જ તમે નીચે ઊતરો છો. એનું નામ જ છે પવિત્ર ધામ. સતોપ્રધાન થી પછી સતો, રજો, તમો...હમણાં તમે સમજો છો કે આપણે નીચે ઉતર્યા છીએ અર્થાત્ વૈશ્યાલય માં છીએ. ભલે તમે સંગમયુગ પર છો, પરંતુ જ્ઞાનથી તમે જાણો છો કે આપણે કિનારો કર્યો છે, છતાં પણ આપણે શિવબાબા ની યાદ માં રહીએ છીએ, તો શિવાલય દૂર નથી. શિવબાબા ને યાદ નથી કરતા તો શિવાલય બહુ દૂર છે. સજાઓ ખાવી પડે છે, તો બહુ દૂર થઈ જાય છે. તો બાપ બાળકોને કોઈ વધારે તકલીફ નથી આપતાં. એક તો વારંવાર કહે છે મન્સા-વાચા-કર્મણા પવિત્ર બનવાનું છે. આ આંખો પણ ખૂબ દગો દે છે, આનાથી બહુ જ સંભાળીને ચાલવાનું છે. બાપે સમજાવ્યું છે કે ધ્યાન અને યોગ બિલકુલ અલગ છે. યોગ અર્થાત્ યાદ. આંખો ખુલ્લી હોય તો પણ તમે યાદ કરી શકો છો. ધ્યાનને કોઈ યોગ નથી કહેવાતું. ભોગ પણ લઈ જાઓ છો તો ડાયરેક્શન અનુસાર જ જવાનું છે. આમાં માયા પણ બહુ જ આવે છે. માયા એવી છે જે એકદમ નાકમાં દમ કરી દે છે. જેમ બાપ બળવાન છે, તેમ માયા પણ બહુ જ બળવાન છે. એટલી બળવાન છે જે આખી દુનિયાને વૈશ્યાલયમાં ધકેલી દીધી છે, એટલે આમાં ખૂબ ખબરદારી રાખવાની હોય છે. બાપની યાદ કાયદા અનુસાર જોઈએ. બેકાયદે કોઈ કામ કર્યું તો એકદમ પાડી દે છે. ધ્યાન વગેરેની ક્યારેય કોઈ ઈચ્છા નથી રાખવાની. ઈચ્છા માત્રમ્ અવિદ્યા...બાપ તમારી બધી મનોકામનાઓ વગર માંગે પૂરી કરી દે છે, જો બાપ ની આજ્ઞા પર ચાલો તો. જો બાપની આજ્ઞા ન માની ઊલ્ટો રસ્તો લીધો તો બની શકે છે સ્વર્ગ ની બદલે નર્ક માં જ જઈને પડશો. ગાયન પણ છે ગજ ને ગ્રાહે ખાધો. અનેકો ને જ્ઞાન આપવા વાળા, ભોગ લગાવવા વાળા આજે છે ક્યાં? કારણકે બેકાયદેસર ચલન નાં કારણે પૂરા માયાવી બની જાય છે. દેવતા બનતા-બનતા અસુર બની જાય છે. બાપ જાણે છે કે બહુ જ સારા પુરુષાર્થી જે દેવતા બનવા વાળા હતાં, તે અસુર બની અસુરોની સાથે રહે છે. ટ્રેટર (દગાબાજ) થઈ જાય છે. બાપ નાં બનીને પછી માયાનાં બની જાય, તેને ટ્રેટર કહેવાય છે. સ્વયં ઉપર નજર રાખવાની હોય છે. શ્રીમત નું ઉલ્લંઘન કર્યું તો આ પડ્યા. ખબર પણ નહીં પડે. બાપ તો બાળકોને સાવધાન કરે છે કે એવી ચલન ન ચાલો જે રસાતાળ માં પહોંચી જાઓ.

કાલે પણ બાબા એ સમજાવ્યું - ઘણા ગોપ છે, પરસ્પર કમિટીઓ (સભા) વગેરે બનાવે છે, જે કંઈ કરે છે, શ્રીમત નાં આધાર વગર કરે છે તો ડિસ સર્વિસ કરે છે. વગર શ્રીમત કરશો તો પડતા જ જશો. બાબા એ શરુઆતમાં કમિટી બનાવી હતી તો માતાઓની બનાવી હતી કારણકે કળશ તો માતાઓને જ મળે છે. વંદે માતરમ્ ગાયન છે ને? સમજો, ગોપ લોકો કમિટી બનાવે છે તો વંદે ગોપ તો ગાયન છે નહીં. શ્રીમત પર નથી તો માયાની જાળમાં ફસાઈ જાય છે. બાબાએ માતાઓની કમિટી બનાવી, તેમના હવાલે બધું જ કરી દીધું. પુરુષ વધારે કરીને દેવાળું મારે છે, સ્ત્રીઓ નહીં. તો બાપ પણ કળશ માતાઓ પર રાખે છે. આ જ્ઞાન માર્ગમાં માતાઓ પણ દેવાળું મારી શકે છે. પદ્માપદમ ભાગ્યશાળી જે બનવા વાળા છે, તે માયાથી હાર ખાઈને દેવાળું મારી શકે છે. આમાં સ્ત્રી-પુરુષ બંને દેવાળું મારી શકે છે અને મારે પણ છે. કેટલા હાર ખાઈને ચાલ્યા ગયા એટલે દેવાળું મારી દીધું ને? બાપ સમજાવે છે ભારતવાસીઓએ તો પૂરું દેવાળું માર્યું છે. માયા કેવી જબરદસ્ત છે. જે સમજી નથી

શકતા - અમે શું હતા, ક્યાંથી એકદમ નીચે આવીને પડ્યા છીએ. અહીં પણ ઊંચા ચઢતા-ચઢતા પછી શ્રીમત ને ભૂલી સ્વયંની મત પર ચાલે છે તો દેવાળું મારી દે છે. તે લોકો તો દેવાળું મારી ૫-૭ વર્ષ પછી ઊભા થઈ જાય છે. અહીં તો ૮૪ જન્મોનું દેવાળું મારે છે. ઊંચ પદ મેળવી ન શકે. દેવાળું મારતા જ રહે છે. બાબાની પાસે ફોટો હોત તો બતાવત. તમે કહેશો - બાબા તો બિલ્કુલ ઠીક કહે છે. આ કેટલા મોટા મહારથી હતા, અનેકોને ઉઠાવતા હતા. આજે છે નહીં. દેવાળા માં છે. બાબા ઘડી-ઘડી બાળકોને સાવધાન કરતા રહે છે. સ્વયંની મત પર કમિટીઓ વગેરે બનાવવી એમાં કંઈ રાખ્યું નથી. પરસ્પર મળીને ઝરમુઈ-ઝંગમુઈ કરવી, આ આવું કરતા હતા, ફલાણા પણ આવું કરતા હતા... આખો દિવસ આ જ કરતા રહે છે. બાપ સાથે બુદ્ધિયોગ લગાવવાથી સતોપ્રધાન બનશો. બાપ નાં બન્યા અને બાપ થી યોગ નથી તો ઘડી-ઘડી પડતાં જ રહેશો. કનેક્શન તૂટી જાય છે. લિંક તૂટી જાય તો ગભરાવું ન જોઈએ. માયા અમને આટલાં હેરાન કેમ કરે છે? કોશિશ કરી બાપની સાથે લિંક જોડવી જોઈએ. નહીં તો બેટરી ચાર્જ કેવી રીતે થશે? વિકર્મ થવાથી બેટરી ડિસ્ચાર્જ થઈ જાય છે. શરુઆતમાં કેટલા અસંખ્ય બાબા નાં આવીને બન્યાં. ભઠ્ઠીમાં આવ્યા પછી આજે ક્યાં છે? પડી ગયા, કારણકે જૂની દુનિયા યાદ આવી. હમણાં બાપ કહે છે હું તમને બેહદ નો વૈરાગ્ય અપાવું છું, આ જૂની દુનિયા થી દિલ નહીં લગાવો. દિલ સ્વર્ગ થી લગાવવાનું છે. જો આવા લક્ષ્મી-નારાયણ બનવું છે તો મહેનત કરવી પડે. બુદ્ધિયોગ એક બાપ સાથે હોવો જોઈએ. જૂની દુનિયાથી વૈરાગ્ય. સુખધામ અને શાંતિધામ ને યાદ કરો. જેટલું બની શકે ઊઠતાં-બેસતાં, ચાલતાં-ફરતાં બાપ ને યાદ કરો. આ તો બિલકુલ સહજ છે. તમે અહીં આવ્યા જ છો નર થી નારાયણ બનવાં. બધા ને કહેવાનું છે કે હવે તમોપ્રધાન થી સતોપ્રધાન બનવાનું છે કારણકે રિટર્ન જર્ની છે. વિશ્વ ની હિસ્ટ્રી-જોગ્રાફી (ઈતિહાસ-ભૂગોળ) એટલે નર્ક થી સ્વર્ગ, ફરી સ્વર્ગથી નર્ક. આ ચક્ર ફરતું જ રહે છે.

બાપે કહ્યું છે અહીં સ્વદર્શન ચક્રધારી થઈને બેસો. આ જ યાદ માં રહો કે આપણે કેટલી વખત ચક્ર લગાવ્યું છે? હવે ફરીથી આપણે દેવતા બની રહ્યા છીએ. દુનિયામાં કોઈ પણ આ રહસ્ય ને નથી સમજતાં. આ જ્ઞાન દેવતાઓને છે નહીં. એ તો છે જ પવિત્ર. તેમનામાં જ્ઞાન જ નથી જે શંખ વગાડે. તેઓ પવિત્ર છે, તેમને આ નિશાની આપવાની જરુર નથી. નિશાની ત્યારે આપે છે જ્યારે બંને સાથે હોય છે. તમને પણ નિશાની નથી કારણકે તમે આજે દેવતા બનતા-બનતા કાલે અસુર બની જાઓ છો. બાપ દેવતા બનાવે, માયા અસુર બનાવી દે છે. બાપ જયારે સમજાવે છે ત્યારે ખબર પડે છે કે સાચ્ચે જ આપણી અવસ્થા નીચે છે. કેટલા બિચારા શિવબાબા નાં ખજાના માં જમા કરાવે પછી માંગીને અસુર બની જાય છે. આમાં યોગની જ કમી છે. યોગથી જ પવિત્ર બનવાનું છે. બોલાવો પણ છો બાબા, આવો અમને પતિત થી પાવન બનાવો, જેથી અમે સ્વર્ગમાં જઈ શકીએ. યાદ ની યાત્રા છે જ પાવન બની ઊંચ પદ મેળવવા માટે. જે મરી જાય છે છતાં પણ જે કંઈ સાંભળ્યું છે તો શિવાલયમાં આવશે જરુર. ભલે કોઈ પણ પદ મળે. એક વખત યાદ કર્યા, તો સ્વર્ગમાં આવશે જરુર. બાકી ઊંચું પદ મેળવી ન શકે. સ્વર્ગ નું નામ સાંભળી ખુશ થવું જોઈએ. નાપાસ થઈને પાઈ-પૈસાનું પદ મેળવી લીધું, એમાં ખુશ નથી થઈ જવાનું. ફીલિંગ તો આવે છે ને? - હું નોકર છું. અંતમાં તમને બધાં સાક્ષાત્કાર થશે કે અમે શું બનીશું? અમારાથી કયા વિકર્મ થયા છે? જેનાથી આવી હાલત થઈ છે. હું મહારાણી કેમ નહીં બનીશ? કદમ-કદમ પર ખબરદારી થી ચાલવાથી તમે પદ્મપદમપતિ બની શકો છો. મંદિરોમાં દેવતાઓને પદ્મની નિશાની દેખાડે છે. હોદ્દા માં ફરક પડી જાય છે. આજની રાજાઈ નો કેટલો દબદબો રહે છે! છે તો અલ્પકાળ નો. સદાકાળ નાં રાજા તો બની ન શકે. તો હવે બાપ કહે છે - તમારે લક્ષ્મી-નારાયણ બનવું છે? તો પુરુષાર્થ પણ એવો જોઈએ. આપણે બધા નું કેટલું કલ્યાણ કરીએ છીએ? અન્તર્મુખ થઈ કેટલો સમય બાબા ની યાદ માં રહીએ છીએ? હવે આપણે જઈ રહ્યા છીએ આપણા સ્વીટ હોમ (શાંતિધામ) માં. પછી આવીશું સુખધામ માં. આ બધું જ્ઞાનનું મંથન અંદર ચાલતું રહે. બાપ માં જ્ઞાન અને યોગ બંન્ને છે. તમારામાં પણ હોવું જોઈએ. જાણો છો આપણને શિવબાબા ભણાવે છે તો જ્ઞાન પણ થયું અને યાદ પણ થઈ. જ્ઞાન અને યોગ બંને સાથે-સાથે ચાલે છે. એવું નહીં, યોગમાં બેસો, બાબા ને યાદ કરતા રહો અને જ્ઞાન ભૂલાય જાય. બાપ યોગ શીખવાડે છે તો જ્ઞાન ભૂલાય જાય છે શું? બધું જ્ઞાન એમનામાં રહે છે. આપ બાળકોમાં પણ જ્ઞાન હોવું જોઈએ. ભણવું જોઈએ. જેવા કર્મ હું કરીશ મને જોઈને બીજા પણ કરશે. હું મોરલી નહીં વાંચું, તો બીજા પણ નહીં વાંચે. ખોટો અહંકાર આવી જાય છે, તો માયા ઝટ વાર કરી દે છે. કદમ-કદમ બાપ થી શ્રીમત લેતા રહેવાનું છે. નહીં તો કોઈ ન કોઈ વિકર્મ બની જાય છે. ઘણા બાળકો ભૂલો કરી બાપ ને નથી બતાવતા તો સ્વયં નો સત્યાનાશ કરી દે છે. ગફલત કરવાથી માયા થપ્પડ લગાવી દેશે. વર્થ નોટ અ પેની (કોડીતુલ્ય) બનાવી દે છે. અહંકારમાં આવવાથી માયા ખૂબ વિકર્મ કરાવે છે. બાબાએ એવું થોડી કહ્યું છે, આવીરીતે પુરુષોની કમિટીઓ બનાવો. કમિટીમાં એક-બે

સમજુ બુદ્ધિશાળી બહેનો જરુર હોવી જોઈએ. જેમની મત પર કામ થાય. કળશ તો લક્ષ્મી પર રાખવામાં આવે છે ને? ગાયન પણ છે, અમૃત પીવડાવતા હતા પછી ક્યાંય યજ્ઞ માં વિઘ્ન નાખતા હતાં. અનેક પ્રકારનાં વિઘ્ન નાખવા વાળા છે. આખો દિવસ આ જ ઝરમુઈ-ઝંગમુઈ ની વાતો કરતા રહે છે. આ બહુ જ ખરાબ છે. કોઈ પણ વાત હોય તો બાપ ને રિપોર્ટ (જાણ) કરવો જોઈએ. સુધારવા વાળા તો એક જ બાપ છે. તમે સ્વયં નાં હાથ માં લો (કાયદો) નહીં ઉઠાવો. તમે બાપ ની યાદ માં રહો. સર્વને બાપ નો પરિચય આપતા રહો ત્યારે આવા બની શકશો. માયા બહુ જ કડક છે. કોઈને નથી છોડતી. સદૈવ બાપને સમાચાર લખવા જોઈએ. ડાયરેક્શન લેતા રહેવું જોઈએ. આમ તો ડાયરેક્શન સદૈવ મળતા રહે છે. આમ તો બાળકો સમજે છે બાબાએ તો સ્વયં જ આ વાત પર સમજાવી દીધું, બાબા તો અંતર્યામી છે. બાબા કહે છે ને, હું તો જ્ઞાન સંભળાવું છું. આમાં અંતર્યામી ની વાત જ નથી. હા, એ હું જાણું છું કે આ બધા મારા બાળકો છે. દરેક શરીર ની અંદર મારું બાળક (આત્મા) છે. બાકી એવું નથી કે બાપ બધા ની અંદર વિરાજમાન છે. મનુષ્ય તો ઊંધું સમજી લે છે. બાપ કહે છે હું જાણું છું કે બધા તખ્ત પર આત્મા વિરાજમાન છે. આ તો કેટલી સહજ વાત છે. બધા ચૈતન્ય આત્માઓ પોત-પોતાના તખ્ત પર બેઠાં છે, છતાં પણ પરમાત્માને સર્વવ્યાપી કહી દે છે. આ છે એક જ ભૂલ. આના કારણે જ ભારત આટલું નીચે ગયું છે. બાપ કહે છે તમે મારી બહુ જ ગ્લાનિ કરી છે. વિશ્વનાં માલિક બનાવવા વાળા ને તમે ગાળો આપી છે. એટલે બાપ કહે છે યદા યદા હિ... બહારવાળા આ સર્વવ્યાપી નું જ્ઞાન ભારતવાસીઓ થી શીખે છે. જેમ ભારતવાસી તેમનાથી હુનર (કળા) શીખે છે, તેઓ પછી ઊંધું શીખે છે. તમારે તો એક બાપ ને યાદ કરવાનાં છે અને બાપ નો પરિચય પણ બધા ને આપવાનો છે. તમે છો આંધળાઓ ની લાઠી. લાઠી થી રસ્તો બતાઓ છો ને? અચ્છા !

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ ની આજ્ઞા અનુસાર દરેક કાર્ય કરવાનું છે. ક્યારેય પણ શ્રીમત નું ઉલ્લંઘન ન થાય ત્યારે જ સર્વ મનોકામનાઓ વગર માંગે પૂરી થશે. ધ્યાન, દીદાર ની ઈચ્છા નથી રાખવાની, ઈચ્છા માત્રમ્ અવિદ્યા બનવાનું છે.
2. પરસ્પર મળીને ઝરમુઈ-ઝંગમુઈ (એકબીજાનું પરચિંતન) નથી કરવાનું. અંતરમુખી થઈ સ્વયંની તપાસ કરવાની છે કે અમે બાબા ની યાદ માં કેટલો સમય રહીએ છીએ? જ્ઞાનનું મંથન અંદર ચાલે છે?

વરદાન :- દરેક આત્મા નાં સંબંધ - સંપર્ક માં આવતા બધાને દાન આપવા વાળા મહાદાની , વરદાની ભવ

આખા દિવસમાં જે પણ સંબંધ-સંપર્કમાં આવે એને કોઈ ન કોઈ શક્તિનું, જ્ઞાનનું, ગુણનું દાન આપો. તમારી પાસે જ્ઞાનનો પણ ખજાનો છે, તો શક્તિઓ અને ગુણોનો પણ ખજાનો છે. તો કોઈ પણ દિવસ વગર દાન આપીએ ખાલી ન જાય ત્યારે કહીશું મહાદાની. ૨- દાન શબ્દનો રુહાની અર્થ છે સહયોગ આપવો. તો પોતાની શ્રેષ્ઠ સ્થિતિ નાં વાયુમંડળ દ્વારા અને પોતાની વૃત્તિ નાં વાયબ્રેશન દ્વારા દરેક આત્માને સહયોગ આપો ત્યારે કહીશું વરદાની.

સ્લોગન :- જે બાપદાદા અને પરિવારનાં સમીપ છે એમના ચહેરા પર સંતુષ્ટતા, રુહાનિયત અને પ્રસન્નતા ની મુસ્કુરાહટ રહે છે.